# અરવલ્લી જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી વાતાવરણમાં ઠંડક



મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાના રીસામણા બાદ સોમવારે મધ્યરાત્રીએ સાર્વત્રિક વરસાદ થતા પ્રજાજનો અને જગતનો તાત મલકાયો હતો. આકાશમાં વારેઘડીએ કાળા ડિબાંગ વાદળો અચાનક પોતાનો રંગ બદલી નાખતા પરિણામે હમણાં વરસાદની આશ લગાવીને બેઠેલા જિલ્લાવાસીઓ અને ખેડૂતોને હાથતાળી આપીને જતા રહેતા મેઘરાજા રિસાયા જેવો ઘાટ સર્જાયો હતો. જીલ્લામાં મધ્યરાત્રીએ થયેલ વરસાદથી વાતાવરણમાં ઠંડક અનુભવતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

જુલાઈ મહિનાને દસ દિવસ વીતવા છતાં જાણે હજુ મેઘરાજા મનમુકીને વરસવાનું ભૂલી ગયા હોય તેવું લાગી રહ્યું છે. સપ્તાહના પ્રથમ રાત્રીએ અરવલ્લી જીલ્લામાં સાર્વત્રિક વરસાદ થતા સપ્તાહ દરમિયાન મેઘરાજાની મહેર થવાની લોકો આશ લગાવી બેઠા છે. જીલ્લામાં મોડાસામાં સૌથી વધુ અઢી ઈંચ, ધનસુરામાં પોણા બે ઈંચ, મેઘરજમાં ૧૫ મિમી, માલપુરમાં ૧૮ મિમી, બાયડમાં ૧૫ મિમી અને સૌથી ઓછો ભિલોડા પંથકમાં ૦૬ મિમી વરસાદ નોંધાયો હતો.

મોડાસા શહેરમાં ગતરાત્રીએ પડેલા વરસાદથી શહેરીજનોમાં આનંદ છવાયો હતો. અસહ્ય ઉકળાટ અને બફારાથી આંશિક રાહત મળતા ખુશીની લહેર પ્રસરી હતી. મધ્યરાત્રીએ પડેલા અઢી ઈંચ વરસાદથી ઠેર ઠેર પાણી ભરાયા હતા અને રહેણાંક સોસાયટીઓમાં ઠેર ઠેર ખાબોચિયા ભરાયા હતા.



## થાઈલેન્ડની ગુફામાં ફસાયેલા બાળકો માટે મોડાસાની વી.એસ.શાહ પ્રા. શાળાના ભુલકાઓની પ્રાર્થના

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં આવેલી વી.એસ. શાહ પ્રાથમિક શાળામાં મંગળવારે ૧૬ દિવસથી થાઈલેન્ડની થાઈ લુઆંગ નામની અંધારી અને મોતનો પેગામ બનેલી ગુફામાં ફસાયેલા ફૂટબોલ ટીમના ૧૨ બાળકો અને કોચને બચાવવા વિશ્વના મારજીવિયા દ્વારા મરણીયો પ્રયાસ આદરી ૮ બાળકોને બચાવી લેવાયા છે હાલ ગુફામાં ૪ બાળકો અને કોચ ફસાયેલા હોવાથી તેમના જીવને જોખમ ન સર્જાય અને હેમખેમ બહાર આવે તે માટે શાળાના ૨૩૦થી વધુ શાળાના બાળકો તથા શિક્ષકગણ, મંડળના પ્રમુખ નિલેશભાઈ જોશી, અમિત કવિ અને નવનીતભાઈ પરીખની ઉપસ્થિતિમાં પ્રાર્થના સભા યોજાયી હતી અને બાળકોના રક્ષણ માટે ઈશ્વર વંદના કરવામાં આવી હતી. શાળામાં અભ્યાસ કરતા બાળકોમાં પણ અન્ય બાળકો અને લોકો માટે પ્રેમ, કરુણા અને સત્યની ભાવના કેળવાય તેપણ જરૂરી હોવાનું નિલેશભાઈ જોશીએ જણાવ્યું હતું પ્રાર્થનાસભાનું આયોજન શાળાના આચાર્ય અમૃતભાઈ રબારીએ કર્યું હતુંય

zasasas

# મોડાસા નગરપાલિકાની સ્વચ્છતા અંગે અનોખી પહેલ ટેક્સ ભરનારને બે ડસ્ટબીન મફત વિતરણ



મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકાનો કરોડો રૂપિયાનો ટેક્સ નગરજનો અને સરકારી કચેરીઓ સહીત શૈક્ષણિક સંસ્થાઓ ટેક્સ ચુકવવામાં ત્રાગા કરી રહી છે ત્યારે નગરપાલિકા તંત્ર દ્વારા શહેરમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત સૂકા અને ભીના કચરા માટે ડસ્ટબીનનું વિતરણ સાથે મિલકતવેરો પણ ઝડપથી નગરજનો ભરે તે માટે ચાલુ વર્ષના ભરેલા વેરાની પાવતી બતાવી ડસ્ટબીન મેળવોનો નુસખો કારાગત નીવડ્યો હોય તેમ મોટા પ્રમાણમાં મિલકત વેરાની આવક થતા નગરપાલિકાની તિજોરી છલકાવાની આશ નગરપાલિકા તંત્ર લગાવીને બેઠું છે.

મોડાસા શહેરને સ્વચ્છ બનાવવા સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ,સેવાકીય સંસ્થાઓ અને કોર્પરેટ જગત સાથે મળી અનેક લોક જાગૃતિના કાર્યક્રમો કરવા છતાં સ્વચ્છતા અભિયાન ફોટો શેશન બની રહેતા શહેરમાં ગંદકીના થર યથાવત રહેતા નગરપાલિકા તંત્ર દ્વારા સૂકો અને ભીનો કચરો ભરવા માટે ૨ અલગ અલગ ડસ્ટબીન મફત આપવામાં આવવાની હોવાથી ડસ્ટબીન સાથે મિલકતવેરાની રિકવરી પણ ઝડપથી થાય તે માટે નગરજનો માટે ચાલુ વર્ષના મિલકતવેરાની પહોંચ બતાવી બે ડસ્ટબીન ફ્રી લઈ જાવનો નુસખો અપનાવતા શહેરીજનોનો મોટા પ્રમાણમાં આવકાર મળતા શહેર સ્વચ્છ પણ બને અને નગરપાલિકાના ટેક્સની રકમમાં પણ ૧૦ ટકાની છૂટ અપાતા મોટા પ્રમાણમાં ટેક્સપેટે આવક પણ વધવાની આશ નગરપાલિકા તંત્ર લગાવી રહ્યુંછે. મોડાસાના શહેરીજનો નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ અને ચીફ ઓફિસર પ્રણવ પારેખની શહેરને સ્વચ્છ રાખવાની સાથે મિલકતવેરો પણ ઝડપથી રિકવર કરવાની કામગીરીની સરાહના કરી હતી.

## ધાનેરા શહેર અને તાલુકાની બધી કચેરીઓ ઈનચાર્જનાં હવાલે

**નાયબ કલેક્ટરશ્રી, તાલુકા પંચાયત, આઇ.સી.ડી.એસ પંચાયતોનાં તલાટી સીટી સર્વ વગેરેમાં અધિકારી ઇનચાર્જ**

એક તરફ સરકારશ્રીની નવિનિતી અને નિયમોને લઈને દરેક વ્યક્તિઓનું કામ સરળતાથી થાય તે માટે અનેક યોજનાઓ મુકવામાં આવે છે પરંતુ ધાનેરામાં અધિકારીઓ ઈનચાર્જમાં જોવા મળે છે.

ધાનેરા ખાતે નવિન ભરતીઓનાં થતાં નાયબ કલેક્ટરશ્રી ઈનચાર્જ, તાલુકા પંચાયત, સીટી સર્વ આઈ.સી.ડી.એસ માર્ગ મકાન ખાતું પંચાયત વિભાગ મોટા ભાગની પંચાયતનાં તલાટી ઓ પણ ઈનચાર્જનાં હવાલે છે

દરેક વ્યક્તિના અગત્યનાં કામો માટે જવાબ મળે છે કે હુ હાલ ઈનચાર્જમાં છું હાલ કામ થશે નહી તેવું જણાવવામાં આવે છે અને કામ માટે લોકોને ધકકા ખાવા પડે છે અને આ અધિકારીઓ પણ બંન્ને બાજુ ચાર્જ સંભાળતાં હોવાથી સપ્તાહમાં બે દિવસ હાજર રહીને પોતાની ફરજ પુરી કરે છે અને બીજા કામ માટે અઠવાડિયું રાહ જોવી પડે છે ધાનેરા માં નવિન ભરતી ઓ થાય તો લોકો ને રાહત થાય તેવું લોકો ઈરછી રહ્યા છે.

# ડીસાના શેરગઢ ગામે દારૂની રેડ કરવા ગયેલી ભીલડી પોલીસ પર બુટલેગરનો હુમલો

**ધારીયા વડે કરાયેલા હુમલામાં એક પોલીસકર્મીને ગંભીર ઇજા : ફરાર બુટલેગરની ધરપકડના ચક્રો ગતિમાન**

ડીસા, તા. ૧૦

બનાસકાંઠામાં પોલીસે દારૂની બદી સામે લાલ આંખ કરતા બુટલેગરોની ઊંઘ હરામ થઈ ગઈ છે.જોકે ગતરોજ બુટલેગર દ્વારા ભીલડી પોલિસ પર હુમલો કરાતાં પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. બુટલેગરે ધારીયા વડે કરેલા હીચકારા હુમલામાં એક પોલીસકર્મીને ગંભીર ઈજાઓ થઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ ભીલડી પોલીસની ટિમ ગતરોજ બાતમીના આધારે શેરગઢ ગામની સીમમાં દારૂની રેડ કરવા ધસી ગઈ હતી. જોકે પોલીસે આ દરોડા દરમ્યાન છ પેટી વિદેશી દારૂ ઝડપી લેતા વિફરેલા બુટલેગરે પોલિસકર્મીઓ પર ધારીયા વડે હીચકારો હુમલો કરી દીધો હતો. ધારીયા સાથે પોલીસ પર તૂટી પડેલા બુટલેગરના હુમલામાં ભીલડી પોલીસ મથકના પોલીસકર્મી અરજણજીને ગંભીર ઈજા થતાં તેમને સારવાર અર્થે ખસેડાયા હતા. જોકે હુમલા બાદ બુટલેગર ફરાર થઈ ગયો હતો.આ ચકચારી ઘટનાથી પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે ત્યારે બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ખુદ જિલ્લા પોલીસ અધિક્ષક નીરજ બડગુજરે ઘટના સ્થળની મુલાકાત લઈ ઈજાગ્રસ્ત પોલીસકર્મીના ખબર અંતર પૂછ્યા હતા.આ ઘટનાથી ચોકી ઉઠેલી પોલીસે શેરગઢ ગામના ફરાર બુટલેગર અરજણજી ઠાકોર સહિત ત્રણ જણ સામે ગુન્હો નોંધી આરોપીઓને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### પોલીસ કડક હાથે કામ લેશે : પોલીસ અધિક્ષક

આ ઘટનાને ખૂબ જ ગંભીર ગણાવતાં બનાસકાંઠાના જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરે જણાવ્યું હતું કે આવી ઘટનાઓથી ડરી જવાના બદલે પોલીસ બુટલેગરો સાથે વધુ કડક હાથે કામ લેશે અને આરોપીઓને ટૂંક સમયમાં ઝડપી લઈ જેલના હવાલે કરી દેવાશે.



## મોડાસામાં રેલ્વેના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ

આજરોજ અરવલ્લી જિલ્લાના પ્રભારીમંત્રી રમણલાલ પાટકર તેમજ જિલ્લાના અધિકારીઓ તથા ભાજપના કાર્યકરો સાથે મોડાસા શહેરમાં રેલ્વેના પ્રશ્નો અંગે મોડાસા ખાતે કલેકટર કચેરીના સભાખંડમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી સહિતના પદાધિકારીઓ અને સબંધિત અધિમારીઓની ઉપસ્થિતિમાં મોડાસા, ટીંટોઈના રેલ્વેના વિકાસને લગતાં પ્રશ્નો અંગે રેલ્વેના અધિકારીઓ સાથે મંત્રી દ્વારા વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. બાજકોટ ખાતે જમીન સંપાદન કરીને નવીન રેલ્વે સ્ટેશન બનાવવા માટે રજુઆતો કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટર, નિવાસી અધિક કલેકટર, પ્રાંત અધિકારી, મોડાસા, જિલ્લા પુરવઠા અધિકારી, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી, મોડાસા શહેરના સંગઠનના કાર્યકરો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# બનાસકાંઠા જિલ્લાના ૧૦ લાખ બાળકોને ઓરી અને રૂબેલાની રસી અપાશે

પાલનપુર, તા. ૧૦

ઓરી અને રૂબેલા રોગથી બાળકોને બચાવી લેવા આગામી તા.૧૬ જુલાઈથી સરકારશ્રી દ્વારા એક વિરાટ અભિયાન હાથ ધરવામાં આવશે. બનાસકાંઠા જિલ્લામાં ૯ માસથી ૧૫ વર્ષ સુધીના આશરે ૧૦ લાખ બાળકોને કેમ્પેઇનના રૂપમાં રસીકરણથી આવરી લેવાશે. જિલ્લાના તમામ બાળકોને આવરી લેવાય તે માટે જિ. પંચાયત બનાસકાંઠાની આરોગ્ય શાખા દ્વારા સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનમાં સરકારશ્રી દ્વારા શિક્ષણ, આરોગ્ય અને આઈસીડીએસ વિભાગને સાંકળી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં લોકોની જાગૃતિ માટે વાલીઓ અને ગામ આગેવાનો સાથે મીટીંગ કરવામાં આવી છે. ઉપરાંત શાળાના શિક્ષકો, આંગણવાડી કાર્યકર બહેનો, આશા બહેનો તથા આરોગ્યનો તમામ સ્ટાફ આ કામગીરીમાં જોડાશે. સ્વૈચ્છીક સંસ્થાઓ તરફથી સહકાર મળે તે માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ઓરી એક જીવલેણ રોગ છે. જે વાઈરસ દ્વારા ફેલાય છે. બાળકોમાં ઓરીને લીધે વિકલાંગતા અને અકાળે મૃત્યુ પણ થઈ શકે છે. રૂબેલા એક ચેપી રોગ છે. જે વાઈરસ દ્વાર ફેલાય છે. તેના લક્ષણ ઓરી રોગ જેવા હોઈ શકે છે. તે છોકરો અને છોકરી બંનેને ચેપગ્રસ્ત બનાવી શકે છે. જો કોઈ સ્ત્રી ગર્ભાવસ્થાના આંરભિક તબક્કામાં તેનાથી ચેપગ્રસ્ત બને તો કંજેનિટલ રૂબેલા સિન્ડ્રોમ (સી.આર.એસ.) થઈ શકે છે. જે તેના ગર્ભ અને નવજાત શીશુ માટે ઘાતક સાબિત થઈ શકે છે.



## રાયસીંગપુર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ

ભિલોડા તાલુકાના રાયસીંગપુર ગામની રાયસીંગપુર પ્રાથમીક શાળામાં ધોરણ.૬ થી ધોરણ.૮ ના સુધીના વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરાયું હતું.સલ્ફર મિલ્સ લી.મુંબઈ ધ્વારા કંપનીના પ્રતિનિધિ એન.કે.પટેલ,કંપનીના ભિલોડાના ડીલર સદ્‌ગુરૂ બીજ નિગમ પ્રો. ધર્મેન્દ્રભાઈ પટેલ,અનિતભાઈ પટેલ સહિત રાયસીંગપુર પ્રાથમીક શાળા આચાર્ય,સ્ટાફ પરીવારની ઉપસ્થિતીમાં વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરાયું હતું.વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# ઊંઝામાં ટાવર પાસે ચાલતા વરલી મટકાના અડ્ડા પર દરોડો

ઊંઝા, તા. ૧૦

ઊંઝા નજીકના ઉનાવા ગામે ગ્રામ પંચાયતની પાછળ ટાવર પાસે ચાલતા વરલી મટકા જુગારના અડ્ડા પર સ્થાનિક પોલીસે રાત્રીના સમયે દરોડો પાડી સ્થળ પરથી સાત શખ્સોને ઝડપી લઈ રૂપિયા ૨૮૫૭૦ની રોકડ રકમ તથા વરલી મટકાનું સાહિત્ય કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

ઉનાવા ટાઉનમાં ગ્રામ પંચાયતની પાછળના ભાગે ટાવર પાસે ચાલતા વરલી મટકાના જુગારધામ પર રાત્રીના સમયે ઉનાવા પોલીસે દરોડો પાડ્યો હતો. જેમાં પોતાના આર્થિક ફાયદા સારૂ વરલી મટકાનો આંક ફરકનો જુગાર રમી રમાડતાં સાત શખ્સો ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી વરલી મટકાનું સાહિત્ય તથા રોકડ રકમ રૂપિયા ૨૮૫૭૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પકડાયેલ શખ્સોમાં સંજયકુમાર ઈશ્વરલાલ ચૌધરી ઉનાવા, ભરતજી પોપટજી ઠાકોર ઐઠોર, જયંતિભાઈ અંબારામ પટેલ પળી, ગોપાળજી શામતાજી ઠાકોર ડાભી, પ્રતાપજી કાન્તિજી ઠાકોર ડાભી, સેંધાભાઈ હિરાભાઈ ચૌધરી ઉનાવા તથા સુરેશભાઈ કાળીદાસ બાવા દાસજનો સમાવેશ થાય છે.



## ઊંઝા આંટા સમાજનું ગૌરવ

ઊંઝા તાલુકા પંચાયત કચેરીના પૂર્વ હિસાબનીશ નટવરલાલ બી. પટેલની પૌત્રી પટેલ શ્રેયા હર્ષકુમારે ચાલુ વર્ષે જૂનમાં લેવાયેલ બી.ઈ. ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશનની પરીક્ષામાં ફર્સ્ટક્લાસ વીથ ડીસ્ટ્રીક્શન સાથે ૭.૭૧ સી.જી.પી.એ. સાથે ઉત્તિર્ણ થઈ ઊંઝા આંટા સમાજ અને ચાણસ્મીયા પરિવારનું ગૌરવ વધારેલ છે. શ્રેયાના પિતા હર્ષકુમાર એન. પટેલ ભરૂચ જી.એન.એફ.સી.માં સિનિયર એન્જીનીયર છે.

# નડાબેટ સીમાદર્શન વિકાસ માટે વધુ ૩૯ કરોડના વિકાસકાર્યોને સૈદ્ધાંતિક મંજૂરી મળી

ગાંધીનગર,તા.૧૦

મુખ્યપ્રધાન વિજય રુપાણીએ ગુજરાતમાં બોર્ડર ટૂરિઝમ સાથે નાગરિકોમાં રાષ્ટ્ર ભાવના ઊજાગર કરવા નડાબેટ ખાતે સીમાદર્શન કાર્યક્રમ શરુ કરેલો છે. તેની વધુ વિકાસ સુવિધાઓના નિર્માણહેતુ બીજા તબક્કામાં ૩૯ કરોડ રુપિયાના પ્રોજેકટને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ પ્રોજેકટ અંતર્ગત નડાબેટ ખાતે એક્ઝિબિશન હોલ અને અંદાજે પાંચ હજાર વ્યકિતઓ એકસાથે બેસી શકે તેવી ક્ષમતાનું પરેડ ગ્રાઉન્ડ તેમ જ ટી જંકશનથી ઝીરો પોઈન્ટ સુધી માળખાકીય વિકાસ કાર્યો હાથ ધરાશે.

રાજ્યના સીમાદર્શન સહિતના અન્ય પ્રવાસન પ્રોજેકટસના અવલોકન, માર્ગદર્શન માટે યોજાયેલી બેઠકમાં આ સૈદ્ધાંતિક મંજૂરી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. નડાબેટ સીમાદર્શનના આ પ્રવાસન પ્રોજેકટમાં હાલ પ્રથમ તબક્કાના રૂ. ૨૨ કરોડના વિવિધ માળખાકીય સુવિધા વિકાસના કામો પ્રગતિમાં છે. બોર્ડર ટૂરિઝમના આ ગુજરાત પ્રયોગ પ્રોજેકટમાં ભારત સરકારના ગૃહ મંત્રાલય અને પ્રવાસન મંત્રાલયનો પણ નાણાં સહયોગ મળે તે હેતુથી દરખાસ્ત મોકલવા પણ બેઠકમાં સૂચન કર્યુ હતું. ૨૦૧૬માં ડિસેમ્બરની ૨૪ તારીખે બનાસકાંઠાના સૂઈગામ સ્થિત નડાબેટ બોર્ડર ખાતે આ સીમાદર્શન-બોર્ડર ટૂરિઝમનો પ્રારંભ થયો છે અત્યાર સુધીમાં ૧ લાખ જેટલા પ્રવાસીઓ-યુવાઓ આ સીમાદર્શન કાર્યક્રમમાં સહભાગી થયાં છે.

ગુજરાતની સમુદ્રી સીમા સાથે જમીની સરહદ પણ દુશ્મન સાથે નજદીકથી જોડાયેલી છે અને જો આ સરહદી યુદ્ધ થાય તો બીએસએફએ સીધો મુકાબલો દુશ્મન દળોનો કરવો પડે છે. આ સંદર્ભમાં બી.એસ.એફ. જવાનોની દિલેરી-જવામર્દીને સૌ કોઈ જાણે તે હેતુથી ગુજરાતમાં આ સીમા દર્શન વાઘા બોર્ડર પેટર્ન ઉપર શરૂ કરવામાં આવ્યો છે.



## ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા દ્વારા કોટેઝ હોસ્પિટલમાં દર્દીઓને બિસ્કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો

ભારત વિકાસ પરીષદ શાખાના સ્થાપના દિન નિમિત્તે ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં દર્દીઓને બિસ્કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.કોટેઝ હોસ્પિટલ અધિક્ષક ડી.ડી.ડામોર, જયંતીભાઈ શર્મા,ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ જગદીશભાઈ પટેલ,મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ,ઉપપ્રમુખ રામઅવતાર શર્મા,દિલીપભાઈ સોની,નરેશભાઈ પંચાલ,દેવાંગભાઈ સોની,કલ્પેશભાઈ પંચાલ,ભરતભાઈ પ્રજાપતી,અનિલભાઈ પંચાલ સહિત હોદ્દેદારો,કાર્યકરો ધ્વારા દર્દીઓને બિસ્કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.કોટેઝ હોસ્પિટલમાં દર્દીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખાના હોદ્દેદારો,કાર્યકરો વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તીઓમાં હંમેશા અગ્રેસર રહે છે.




ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૨ માં ધોરણ.૬ થી ધોરણ.૮ ના સુધીના વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરાયું હતું.સલ્ફર મિલ્સ લી.મુંબઈ ધ્વારા કંપનીના પ્રતિનિધિ એન.કે.પટેલ,કંપનીના ભિલોડાના ડીલર સદ્‌ગુરૂ બીજ નિગમ પ્રો. ધર્મેન્દ્રભાઈ પટેલ,અનિતભાઈ પટેલ સહિત ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૨ આચાર્ય,સ્ટાફ પરીવારની ઉપસ્થિતીમાં વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરાયું હતું.